1. **કયાં વાક્ય વિધાન છે ? તમારા જવાબ માટેના કારણ દર્શાવો : (–1) અને 8 નો ગુણાકાર 8 થાય છે.**

➡ (–1) અને 8 નો ગુણાકાર –8 થાય છે આ વાક્ય અસત્ય છે. આથી તે વિધાન છે.

2. **વિધાન ન હોય તેવાં ત્રણ વાક્યોનાં ઉદાહરણો આપો. તમારા જવાબનાં કારણો આપો : દરવાજો ખોલો.**

➡ કારણ કે, તે આજ્ઞાર્થ વાક્ય છે.

3. **કયાં વાક્ય વિધાન છે ? તમારા જવાબ માટેના કારણ દર્શાવો : એક મહિનામાં 35 દિવસો હોય છે.**

➡ આ વાક્ય હંમેશાં અસત્ય છે કારણ કે કોઈપણ મહિનામાં દિવસોની મહત્તમ સંખ્યા 31 છે. આથી આ વિધાન છે.

4. **કયાં વાક્ય વિધાન છે ? તમારા જવાબ માટેના કારણ દર્શાવો : ગણિત અઘરું છે.**

➡ કેટલીક વ્યક્તિઓ માટે ગણિત સહેલું છે. જ્યારે કેટલીક વ્યક્તિઓ માટે ગણિત અઘરું છે. આથી વાક્યની સત્યાર્થતા નક્કી કરી શકાતી નથી માટે વાક્ય વિધાન નથી.

5. **કયાં વાક્ય વિધાન છે ? તમારા જવાબ માટેના કારણ દર્શાવો : ત્રિકોણનાં બધાં અંતઃકોણનો સરવાળો 180° થાય છે.**

➡ આ વાક્ય હંમેશાં સત્ય હોવાથી તે વિધાન છે.

6. **કયાં વાક્ય વિધાન છે ? કારણ સહિત જણાવો : સૂર્ય એક તારો છે.**

➡ વિધાન છે.

7. **કયાં વાક્ય વિધાન છે ? કારણ સહિત જણાવો : બે ધન સંખ્યાઓનો સરવાળો ધન સંખ્યા હોય છે.**

➡ વિધાન છે.

8. **કયાં વાક્ય વિધાન છે ? કારણ સહિત જણાવો : બધી જ અવિભાજ્ય સંખ્યાઓ અયુગ્મ સંખ્યાઓ હોય છે.**

➡ વિધાન છે.

9. **કયાં વાક્ય વિધાન છે ? કારણ સહિત જણાવો : ભગવાન તમને આશીર્વાદ આપે.**

➡ વિધાન નથી.

10. **કયાં વાક્ય વિધાન છે ? કારણ સહિત જણાવો : $x + 3 = 17$**

➡ વિધાન નથી.

11. **કયાં વાક્ય વિધાન છે ? તમારા જવાબ માટેના કારણ દર્શાવો : આજે તોફાની દિવસ છે.**

➡ વાક્યમાં 'આજે' સમય દર્શાવે છે માટે તે વિધાન નથી.

12. **કયાં વાક્ય વિધાન છે ? તમારા જવાબ માટેના કારણ દર્શાવો : કોઈ પણ સંખ્યાનો વર્ગ એ યુગ્મ સંખ્યા હોય છે.**

➡ યુગ્મ સંખ્યાનો વર્ગ યુગ્મ હોય છે. જ્યારે અયુગ્મ સંખ્યાનો વર્ગ અયુગ્મ હોય છે. દા.ત. $(4)^2 = 16$ (યુગ્મ), $(5)^2 = 25$ (અયુગ્મ). આથી આ વિધાન નથી.

13. **કયાં વાક્ય વિધાન છે ? તમારા જવાબ માટેના કારણ દર્શાવો : બધી વાસ્તવિક સંખ્યાઓ સંકર સંખ્યાઓ છે.**

➡ આ વાક્ય સત્ય છે. કારણ કે કોઈપણ વાસ્તવિક સંખ્યાને $a + i \times 0$ સ્વરૂપમાં દર્શાવી શકાય છે. આથી તે વિધાન છે.

14. **કયાં વાક્ય વિધાન છે ? કારણ સહિત જણાવો : 6 ને ત્રણ અવિભાજ્ય અવયવો છે.**

➡ વિધાન છે.

15. **કયાં વાક્ય વિધાન છે ? તમારા જવાબ માટેના કારણ દર્શાવો : 5 અને 7 નો સરવાળો 10 કરતાં વધુ છે.**

➡ આ વાક્ય હંમેશાં સત્ય છે કારણ કે 5 અને 7 નો સરવાળો 12 થાય છે જે 10 કરતાં વધુ છે. આથી આ વાક્ય વિધાન છે.

16. **કયાં વાક્ય વિધાન છે ? કારણ સહિત જણાવો : તમારૂં નામ શું છે ?**

➡ વિધાન નથી.

17. **કયાં વાક્ય વિધાન છે ? કારણ સહિત જણાવો : $\sqrt{2}$ વાસ્તવિક સંખ્યા છે.**

➡ વિધાન છે.

18. **કયાં વાક્ય વિધાન છે ? કારણ સહિત જણાવો : દરવાજો ખોલો.**

➥ **વિધાન નથી.**

**19. વિધાન ન હોય તેવાં ત્રણ વાક્યોનાં ઉદાહરણો આપો. તમારા જવાબનાં કારણો આપો : ગણિત એ રમત છે.**

➥ કારણ કે, ગણિત એ કઈ પ્રકારની રમત છે, તે દર્શાવેલ નથી.

**20. ક્યાં વાક્ય વિધાન છે ? તમારા જવાબ માટેના કારણ દર્શાવો : કોઈ પણ ચતુષ્કોણની બાજુઓ સમાન લંબાઈ ધરાવે છે.**

➥ ચોરસ અને સમબાજુ ચતુષ્કોણની બાજુઓ સમાન લંબાઈ ધરાવે છે. જ્યારે બાકીનાં ચતુષ્કોણ માટે આ વાક્ય અસત્ય છે. આથી આ વાક્ય વિધાન નથી.

**21. ક્યાં વાક્ય વિધાન છે ? તમારા જવાબ માટેના કારણ દર્શાવો : આ પ્રશ્નનો ઉત્તર આપો.**

➥ આ અજ્ઞાર્થ વાક્ય છે આથી તે વિધાન નથી.

**22. વિધાન ન હોય તેવાં ત્રણ વાક્યોનાં ઉદાહરણો આપો. તમારા જવાબનાં કારણો આપો : કેટલું સુંદર !**

➥ કારણ કે, તે ઉદ્‌ગાર વાક્ય છે.

**23. ક્યાં વાક્ય વિધાન છે ? કારણ સહિત જણાવો : તમે કોણ છો ?**

➥ **વિધાન નથી.**